


વડગામ પંથકમાં વાતાવરણ મા પલટો આવતાં જગતનો તાત ચિંતામાં - આકાશ કાળા ડીબાંગ વાદળો સાથે કડાકા વિજળી સાથે કમોસમી માવઠાથી ખેડૂતો ના પાકને નુક્સાન થવાની ભીતી વડગામ, વડગામ તાલુકા માં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો સાથે કડાકા સાથે વિજળી ઝબુકતા જગતનો તાત ચિંતિત બન્યો હતો.વડગામ પંથકમાં અચાનક બપોર બાદ વાતાવરણ પલટાયું હતું.ઘનઘોર વાદળો સાથે આકાશ માં અષાઢી માહોલ સર્જાયો હતો.ભારે કડાકા સાથે વિજળી અને વરસાદ ના છાંટા શરૂ થતાં જગતનો તાત ચિંતિત બન્યો હતો.કમોસમી વરસાદ તેમજ માવઠા થી ખેડૂતોના પાકને નુક્સાન થવાની ભીતી ખેડૂતો ને સતાવી રહી છે આકાશ માં અચાનક અષાઢી માહોલ સર્જાયો હતો.બે રૂતુના કારણે લોકો માં બિમારી ફાટી નિકળવાની દહેશત લોકોમાં થઈ રહી છે ભારે પવન સાથે કમોસમી વરસાદ થતાં ખેડૂતોના બેહાલ થવાની શક્યતા સેવાઈ રહી છે.અત્યારે ખેડૂતો દ્વારા બટાટા નિકાળવા ની કામગીરી પુરજોશમાં કરાઈ રહી છે ત્યારે ખેડૂતો ને બટાટાને નુકશાન થાય તેવી ભિતી સેવાઈ રહી છે.

# સાબરકાંઠા-બનાસકાંઠામાં ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાનો ઉત્સાહભેર પ્રારંભ

આજથી સમગ્ર રાજયમાં રાજય શિક્ષણ બોર્ડ યોજીત ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ થતા દેશમાં કોરોનો વાયરસનો ભય પ્રસર્યો છે. ત્યારે આજથી યોજાઈ રહેલી બોર્ડ પરીક્ષાઓને લઈ શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગ હરક્તમાં આવ્યો છે. દરેક પરીક્ષાકેન્દ્ર પર આરોગ્ય વિભાગ ટીમ તૈનાત કરી દીધી છે અને વાઈરલ ઈન્ફેક્શન કે જરૂરી લાગે તેવા પરીક્ષાર્થીઓનું સ્ક્રીનિંગ અને માસ્કનું વિતરણ પણ કરવામાં આવેશે.

અરવલ્લી જિલ્લાના ૪૧ કેન્દ્રો ખાતેની ૧૦૭ બીલ્ડીંગમાં યોજાનાર આ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૩૪ હજારથી વધુ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. આજે પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષા સ્થળોએ પરીક્ષાર્થીઓને જીલ્લા કલેક્ટર એમ.


વડગામ

ઔરંગાબાદકર, જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રી પટેલ, નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, શૈક્ષણિક સંસ્થાના પ્રમુખ બિપિન શાહ, નિલેશ જોશી, આચાર્ય રાકેશ મહેતા, સેવાકીય સંસ્થાઓ, કોર્પોરેટરોએ કુમકુમ તિલક કરી મોં ગળ્યું કરાવી સફળ થવાની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા પોલીસ દ્વારા પરીક્ષા સ્થળોએ સુરક્ષા અને ટ્રાફિક નિયમનની કામગીરી હાથ ધરી હતી.

રાજયના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦(ન્યુ એસએસી) અને ધોરણ-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષા-૨૦૨૦નો આરંભ થયો હતો. વિદ્યાર્થીઓની ઉચ્ચ કારકીર્દીમાટે અગત્યની બની રહેનાર આ મહત્વની પરીક્ષાને લઈ અરવલ્લી જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પરીક્ષા સ્થળોએ સીસીટીવી કેમેરાથી માંડી જરૂરી બંદોબસ્ત તેમજ પાણી, વિજળીની સુવિધાઓને લઈ સમીક્ષા હાથ ધરાઈ હતી.

જિલ્લા તંત્ર દ્વારા આ બોર્ડ પરીક્ષાને લઈ પોલીસ, આરોગ્ય, વિજળી અને એસટી વિભાગના અધિકારીઓને તમામ પરીક્ષા સ્થળોએ વિભાગ સંલગ્ન જરૂરી સેવાઓ ઉપલબ્ધ રહે અને જિલ્લામાં કયાંય કોઈપણ પરીક્ષાર્થીને પરેશાની વેઠવાનો વારો ન આવે તેની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ઉત્સાહભર્યા વાતાવરણમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. વિધાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.


અરવલ્લી

પાલનપુર મુકામે વિધામંદિર સંકુલ ખાતે કલેકટરશ્રી સંદીપ સાગલેએ પરીક્ષા આપવા જતા વિધાર્થીઓ અને પ્રજ્ઞાચક્ષુ વિધાર્થીઓને કુમકુમ તિલક કરી, સાકરથી મોં મીઠુ કરાવી, હાથમાં ફૂલ આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કલેકટરશ્રી સંદિપ સાંગલેએ જણાવ્યુ કે આજથી સમગ્ર રાજયમાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. તેમણે કહ્યુ કે, વિધાર્થીઓ શાંતિપૂર્ણ, સરસ માહોલમાં પરીક્ષા આપે તે માટે વહીવટીતંત્ર ધ્વારા જરૂરી તમામ વ્યવસ્થાઓ સારી રીતે ગોઠવવામાં આવી છે. પરીક્ષાના સુચારૂ સંચાલન માટે જરૂરી જાહેરનામા પણ બહાર પાડવામાં આવ્યા છે અને તમામ કેન્દ્રોમાં સી.સી.ટી.વી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. કલેકટરશ્રીએ કહ્યુ કે પરીક્ષાર્થીઓ ટેન્શન વિના ઉત્સાહ અને આત્મવિશ્વાસથી પરીક્ષા આપી ઉજ્જવળ કારકીર્દીનું ઘડતર કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૫મી માર્ચથી ધો. ૧૦ની પરીક્ષાનો પ્રારંભ કરાયો છે. ત્યારે શ્રી ડીસા યુવક સંઘ સંચાલિત ડી.જે. એન. મહેતા હાઈસ્કૂલ, જુનાડીસામાં પણ ધો. ૧૦ની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં શુભારંભ થયો છે. કેન્દ્રના સંચાલક કે.આર. પટેલ અને એસ.ડી. ચેનવાના માર્ગદર્શન હેઠળ લેવાતી પરીક્ષાના પ્રારંભે પરિક્ષાર્થી ભાઈ-બહેનોનું કંકુ તિલક કરી મોં મીઠું કરાવ્યું હતું. ત્યારબાદ ઉષ્માસભર માહોલમાં પરિક્ષાર્થીઓએ પ્રથમ દિવસે ગુજરાતી ભાષાનું પેપર આપ્યું હતું. પરીક્ષાને લઈ તમામ સ્ટાફ ખડેપગે થઈ ગયો હતો. પેપર સરળ આવતા પરિક્ષાર્થીઓનો ઉત્સાહ બેવડાયો હતો. પરીક્ષા દરમ્યાન પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો. હવે આજે વિરામ બાદ શનિવારે વિજ્ઞાનની પરીક્ષા લેવાશે.

અરવલ્લી જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની શરૂઆત થઈ હતી. જેમાં પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. હાઈસ્કૂલના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ ધનસુરા કેળવણી મંડળના હોદેદારો અને શિક્ષકોએ અને સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. જિલ્લામાં સંવેદનશીલ કેન્દ્રો પર સ્કવોડ ગોઠવવામાં આવી હતી. અરવલ્લી જિલ્લામાં કુલ ૪૧ કેન્દ્રોમાં ૧૩૭૮ બ્લોકમાં ૩૦ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી. જિલ્લામાં કુલ ૪૧ કેન્દ્રો પર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ હતી. અરવલ્લી જિલ્લાના ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે પણ પરીક્ષા યોજાઈ હતી. જે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦માં ૪૭૧ બાળકોએ પરીક્ષા આપી હતી.


ભિલોડા


ડીસા


ધનસુરા


પ્રાંતિજ


ખેડબ્રહ્મા

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ બોર્ડની પરીક્ષાનો આજથી આરંભ થયો હતો જેમાં વિદ્યાર્થીઓએ કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડનું પ્રથમ પ્રેપર આપ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં ધોરણ ૧૦ અને ૧૨ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતાં પહેલાં પ્રવેશ દ્વાર ઉપર શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલકની સાથે મોઢું મીઠું કરાવીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રાંતિજ સિનિયર સિટીઝન મંડળના સભ્યો પણ વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપર જઈને પરીક્ષાર્થી વિદ્યાર્થીઓનુ મોં મીઠું કરાવ્યું હતું. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ સી.સી. ટીવી કેમેરા સુપરવાઈઝર અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આપ્યુ હતું. પ્રથમ દિવસે પેપર ઈજી રહેતાં વિદ્યાર્થીઓના ચહેરાઓ ઉપર સ્મિત જોવાં મલ્યુ હતું અને શાંતીમય માહોલમાં વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર પસાર થતાં તંત્રએ પણ હાશકારો લીધો હતો.

ખેડબ્રહ્મામાં ગુરુવારના રોજ બોર્ડની પરીક્ષા શરૂ થતાં શાળાઓ ધ્વારા કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા અને શુભેછાઓ પાઠવવામા આવી હતી. ખેડબ્રહ્મા તાલુકામાં વિવિધ શાળાઓમાં ફાળવવામાં પરિક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ધોરણ.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો શુભારંભ સંદર્ભે વિદ્યાર્થીઓને કુંમકુંમ તિલક કરી મોં મીઠું કરાવી ગુલાબના ફુલ આપી શૈક્ષણિક સંસ્થાઓમાં પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓને પ્રવેશ આપીને આવકાર્યા હતા.ગુજરાત રાજ્ય માધ્યમિક - ઉચ્ચતર શિક્ષણ બોર્ડ ધ્વારા ધોરણ.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો શુભારંભ થયો હતો.પરીક્ષાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી.

ભિલોડા એન.આર.એ.વિદ્યાલય કેમ્પસ પ્રવેશદ્વાર આગળ જન સેવા સંઘના ગુણવંતભાઈ ત્રિવેદી,ભરતભાઈ ત્રિવેદી,આચાર્ય વી.ટી.ચૌહાણ સહિત ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરીને ગુલાબના ફુલ આપી ઉજ્જવળ કારકિંદીની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધાનેરાની વી.એન.સવાણી પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો

ધાનેરા ડી.બી.પારેખ હાઈસ્કુલ અંદર આવેલ વી.એન.સવાણી પ્રાઈમરી શાળા માં બાલમંદિર થી ધોરણ ૮ સુધીનો અભ્યાસ કરાય છે તાજેતરમાં માર્ચ એપ્રિલ ૨૦૨૦ની પરીક્ષાઓ નજીક હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી માં લાગી ગયા છે વી.એન. સવાણી માં ધોરણ ૮ નો અભ્યાસ પૂર્ણ કરી ડી.બી. પારેખ હાઈસ્કુલ માં દાખલ થતા પહેલા એક વિદાય સમારંભ કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો ગુરુજી પ્રત્યે પ્રેમ અને લાગણી તેમજ તેમને શીખવેલ જ્ઞાન મંતવ્ય વ્યક્ત કર્યું હતું અને સાથે બેસીને નાસ્તો પણ કર્યો હતો આ કાર્યક્રમમાં ડી.બી .પારેખ હાઈસ્કૂલના આચાર્ય શ્રી ચેનજીભાઈ સોલંકી તથા વી.એન.સવાણી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી જશવંતભાઈ જોશીએ બાળકોને વધુ આગળ શિક્ષણ લઈ મા-બાપનુ નામ તેમજ શાળાનું નામ રોશન કરવા જાગૃત કરેલ આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓમાં વિદાયની વેળાએ મિત્ર મંડળ તેમજ ગુરુ થી છુટા પડવાના પ્રસંગે ગમ-ગીન માહોલ છવાયો હતો છતાં ધોરણ આઠ થી વિદાય લેતા બાળકો આગળ અભ્યાસ કરવાના હેતુ ને લઈ લે આ શાળાને તેમજ ગુરુજીને દિલમાં વસાવી રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી આમ ધોરણ આઠનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો.

## માલપુરના બોરના મુવાડા ગામે ખડુતે વખ ઘોળ્યું

મોડાસા, તા. ૫

ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે ગૃહમાં કોંગ્રેસ દ્વારા ખેડૂતોની આત્મહત્યાનો પ્રશ્ન પૂછાયો હતો. જેમાં સરકારે ખેડૂતોએ ચાલુ વર્ષે કરેલ પાક નિષ્ફળ કે દેવાના પગલે કરેલ આત્મહત્યા છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો મુદ્દો ખુબ ચગ્યો હતો. ખેડૂતોએ કયા કારણસર આત્મહત્યા કરી તેના જવાબ પર સ્ટીકર મારવમાં આવ્યા હતા. ખેડૂતો આત્મહત્યા કરી જીવન ટૂંકાવી લેતા હોવાની ઘટનાનો સતત નોંધાઈ રહી છે ત્યારે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના બોરના મુવાડા ગામના ખેડૂતે દેના બેંકમાંથી રૂ. ૧૧.૨૫ લાખ રૂપિયાની લીધેલ લોન પાક નિષ્ફળ જતા ચુકવવામાં વિલંબ થતા બેંકના વસુલાત અધિકારીઓની સતત ઉઘરાણીના લીધે ત્રાસી જતા ખેડૂતે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. ખેડૂતે વસુલાત અધિકારીઓએ આત્મહત્યા કરવા મજબુર કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપ સરકાર એકબાજુ ખેડુતોની આવક બમણી કરવાની ગૂલબાંગો પોકારે છે, પાકવીમા અને સહી દામ આપવાની ટીવી પર જાહેરાતો આપીને ભાજપા સરકાર ભલે વાહ વાહી લૂંટી રહી હોય પણ હકીકત લોભામણી અને આભાસી જાહેરાતોથી વિપરીત હોવાની ખેડૂતો અહેસાસ અનુભવી રહ્યા છે. ખેડૂતો માટેની યોજનાઓ માત્ર કાગળો પર જ સારી લાગે છે, હકીકતમાં યોજનાઓનો લાભ ખેડૂતો સુધી પહોંચે તો કદાચ આજે જગતના તાતને જીવન ટૂંકાવવાની નોબત ન આવે તેવું ખેડૂતો અહેસાસ અનુભવી રહ્યા છે.

માલપુર તાલુકાના બોરના મુવાડા ગામના કાળાભાઈ મકવાણા (ઉં.વર્ષ-૪૨) નામના ખેડૂતે દેનાબેંકમાંથી ૧૧.૨૫ લાખ રૂપિયા ધિરાણ લીધું હતું. વરસાદની અનિયમિતતા પછી કમોસમી વરસાદના પગલે ખેતી તદન નિષ્ફળ રહેતા ખેડૂત નિયત મર્યાદામાં લોનના હપ્તાની અને લોનની ચુકવણી કરી ના શકતા બેન્કના વસુલાત અધિકારીઓએ લોન ભરવા સતત દબાણ કરતા અને માનસિક ત્રાસ અપાતા ખેડૂત માનસિક રીતે તૂટી જતા ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કરતા પરિવારજનોની સમય સૂચકતાના પગલે તડાફડીયા ખેડૂતને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો.